શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

# પંચોલી નવયુગ

RNI NO. 6304 / 62

ઓગસ્ટ – ૨૦૧૪ અંક – ૭ વર્ષ :
૫૩ સળંગઅંક : ૪૧૦
માસિક કિંમત – ૧૦/– વાર્ષિક લવાજમ – ૧૦૦/–

તંત્રી : દિનેશકુમાર મોહનલાલ મિસ્ત્રી
સહતંત્રી : ભાવના મલયકુમાર મિસ્ત્રી

# યાદે...

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
સુવર્ણજયંતિ નિમિત્તે
માજીતંત્રીશ્રીનું બહુમાન
અંકલેશ્વર-આકાંક્ષા-૨

અંકલેશ્વર અધિવેશનમાં
સ્વાતંત્ર્ય સેનાની શ્રી ભગવાનદાસનું
સન્માન

## શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ
## ની
# સામાન્ય સભા

તમસો માં જ્યોતિર્ગમય
રજી. નં.: A/1822 ભરૂચ

ઓગસ્ટ માસની ૨૪.૮.૨૦૧૪ના રોજ નવસારી મુકામે યોજવામાં આવશે.

સમય : સવારે ૧૦.૦૦ કલાકે

**સ્થળ : શ્રી નવસારી મોઢ ઘાંચી સમસ્ત પંચ**

મહાત્મા ગાંધીરોડ, શાકમાર્કેટ સામે, દુધિયા તળાવ, નવસારી.

જેમાં મોટી સંખ્યામાં બહેનો તથા યુવા મિત્રો, સ્વયં ગ્રુપના કાર્યકરો તેમજ વિવિધ એકમોના મહિલા મંડળનાં બહેનો તથા યુવાનોને સામાન્ય સભામાં હાજર રહે તેવી વિનંતી છે.

મહામંડળનાં માજી કાર્યકરોને પણ વિનંતી કે તેઓ પણ આ સામાન્ય સભામાં અવશ્ય હાજર રહેશો.

આપના એકમમાંથી કેટલી વ્યકિત આવનાર છો તેની જાણ તા. ૧૫.૦૮.૨૦૧૪ સુધીમાં મહામંત્રી શ્રી ચંદ્રકાંતભાઇ જે. પંચોલી(મો. ૯,૨૮૭ ૨૧૫૭૭)ને જાણ કરવી..

**નોંધ :** અકલેશ્વર મુકામે યોજાયેલ ખેલમહાકુંભ-આકાંક્ષા-૨ ના વિજેતાઓને ટોફી વિતરણ કરવામાં આવશે... વિજેતા યુવાનોએ નવસારી મુકામે હાજર રહેવા વિનંતી...

# તેજસ્વી તારલાઓ

## S.S.C. વર્ષ ૨૦૧૩-૧૪

મનશ્રી અજયભાઇ
મહેતા-મુંબઇ
૯૩ %

મનાલી મનિષભાઇ
મપારા-વડોદરા
૯૨.૩૩ %



ચાર્મી સંદિપકુમાર
મિસ્ત્રી-મુંબઇ
૯૨ %

મૈત્રી સંદિપકુમાર
પંચોલી-વ્યારા
૯૧.૩૩ %

રીયા હરનીશકુમાર
પંચોલી-ભરૂચ
૯૧.૦૫ %

કુશલ જયેશભાઇ
પંચોલી-વડોદરા
૯૦.૦૫ %

રિદ્ધિ ગોપાલદાસ
પંચોલી-તેજગઢ
૮૮.૬૬ %

નિકી મનોજકુમાર
પંચોલી-સુરત
૮૬.૬૬ %

સ્મિત હેમંતભાઇ
પંચોલી-વડોદરા
૮૪.૮૩ %

શ્રેયા પરેશભાઇ
પંચોલી-ગઢબોરીયાદ
૮૪.૩૩ %

હર્ષ કીર્તિકુમાર
પંચોલી-વ્યારા
૮૩.૮૩ %

નૈનેશ હેમંતભાઇ
પંચોલી-સંખેડા
૮૧.૮૩ %

હેના હરીશભાઇ
મિસ્ત્રી-ગણદેવી
૭૮.૬૬ %

યશ મુકેશભાઇ
પંચોલી-બહાદરપુર
૭૮.૦૫ %

લોપા નિલેશકુમાર
પંચોલી-વડોદરા
૭૭.૮૩ %

ગૌરવ રાજેશકુમાર
પંચોલી-વ્યારા
૭૬.૮૩ %

નીલ મનોજકુમાર
પંચોલી-સુરત
૭૫ %



ખુશ્બુ સતિષકુમાર
પંચોલી-વડોદરા
૭૨.૬૦ %

જય મનોજકુમાર
પંચોલી-અંકલેશ્વર
૭૨.૬૦ %

અર્થ હરનીશકુમાર
પંચોલી-વડોદરા
૬૯.૮૩ %

# તેજસ્વી તારલાઓ

## H.S.C. વર્ષ ૨૦૧૩-૧૪

શિવાની મેહુલભાઇ
મિસ્ત્રી-મુંબઇ
Sci-87.83 %

જય દક્ષયકુમાર
ગજ્જર-સુરત
Sci-78.04 %

માર્મિક મનિશકુમાર
મિસ્ત્રી-વાપી
Sci-70.06 %

માનવ મનિષકુમાર
મિસ્ત્રી-વાપી
Sci-66.81%

પ્રણવ ગોપાલદાસ
પંચોલી-તેજગઢ
Sci-59%

માર્ગી જયેન્દ્રભાઇ
પંચોલી-વડોદરા
Sci-58 %

શિવમ હરનીશકુમાર
પંચોલી-ભરૂચ
PER 62.99

રચિત દિપકભાઇ
મહેતા-મુંબઇ
Com.-79.54 %

શિવાની પરેશભાઇ
પંચોલી-વ્યારા
Gen. 71.73%

કિંજલ નિલેશભાઇ
પંચોલી-અંકલેશ્વર
Gen. 70.55%

પિનલ શંકરલાલ
પંચોલી
Gen. 67%

નિધિ મેહુલભાઇ
પંચોલી-બીલીમોરા
CGPA 8.2 "A" Gr.

ઉદય નૈનેશભાઇ
મિસ્ત્રી-મુંબઇ
65.16 %

તમસો મા જ્યોતિર્ગમય

રજી. નં.: A/1822 ભરૂચ

RNI NO. 6304 / 62

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ સંચાલિત

**ઓગસ્ટ - ૨૦૧૪**

**પંચોલી નવયુગ**

**પ્રકાશનનું સ્થળ**

ડી-૩૦૨, શુભમ રેસીડન્સી, મેઘા ઓટોમોબાઈલ્સ સામે, રાજકમલ આર્કેડ પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર-૨

**પ્રકાશન સામયિકતા** : માસિક

પ્રકાશક તંત્રીનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંનામ : શ્રી દિનેશભાઈ એમ. મિસ્ત્રી

મુદ્રકનુંસરનામું : અક્ષર પ્રિન્ટર્સ, ૨,૩, અજીત એસ્ટેટ, જુની દેનાબેંક પાછળ, જી.આઈ.ડી.સી. અંકલેશ્વર

માલિકી ધરાવનાર : શ્રી પંચોલી સેવા સમાજ, મહામંડળ. બી-૨૫, બ્રીજનગર, અંકલેશ્વર

હું દિનેશભાઈ એમ. મિસ્ત્રી આથી જાહેર કરું છું કે ઉપર જણાવેલ માહિતી મારી જાણ મુજબ સાચી છે.....

દિનેશભાઈ એમ. મિસ્ત્રી


## પંચોલી નવયુગ જાહેરાતના નવા દર

| | |
|---|---|
| મલ્ટીકલર પેજ (ગ્લેઝ પેપર) | ₹ ૬,૦૦૦/- |
| નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૦૦૦/- |
| દિપોત્સવી નવયુગ અંક અર્પણ (ગ્લેઝ પેપર સિંગલ કલર) | ₹ ૨૫૦૦/- |
| કલર પેજ ફક્ત દિપોત્સવીઅંક (એક ફોટો ફ્રી) | ₹ ૧,૫૦૦/- |
| સાદુ પેજ (એક ફોટો ફ્રી) | ₹ ૧,૨૦૦/- |
| અડધુ પેજ | ₹ ૬૦૦/- |
| અડધુ પેજ એક ફોટા સાથે | ₹ ૬૫૦/- |
| પા પેજ | ₹ ૩૦૦/- |
| પા પેજ એક ફોટા સાથે | ₹ ૩૫૦/- |

(પા પેજ અને અડધા પેજમાં એક થી વધુ ફોટાના ફોટા દીઠ ૫૦ રૂા. વધારે આપવાના રહેશે.)

**નવયુગ શુભેચ્છક** ₹ ૧૫,૫૫૫/-

(પ્રથમ વર્ષે એક પેજ પર અને ત્યારબાદ ૨૦ વર્ષ સુધી દર વર્ષે દાતાઓનો ફોટો તથા મેટર અડધા પેજ પર છાપવામાં આવશે.)

**નવયુગ શુભચિંતક** ₹ ૨,૫૫૫/-

(દર માસે ક્રમ મુજબ પાનાની નીચે નામ આવશે. અથવા દિપોત્સવી અંકમાં એક વખત ફોટો છપાશે (ફોટો છપાશે તો નામ આવશે નહિં.)

## પંચોલી નવયુગ લવાજમના દર

| | | |
|---|---|---|
| **માસિક કિંમત** | - | **૧૦/-** |
| **વાર્ષિક લવાજમ** | - | **૧૦૦/-** |

# તંત્રી નોંધ.....

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

મોડો મોડો પણ મેઘો મન મુકીને વરસ્યો ખરો.... દુકાળના ડાકલા વાગતા હતા... લોકો પોતાની ધીરજ ખોઇ બેઠા હતા... પરંતુ કહેવત છે ને કે દાંત આપ્યા છે ચવાણું પણ આપશે....જ, અને કુદરતે આપણાં પર મહેર કરી અને પહેલી ઇનીંગમાં જ વાવણી લાયક વરસાદ આપી દીધો.... કુદરતને ત્યાં ભલે દેર હોય પણ અંધેર તો નથી જ ખરૂ ને ??????

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં માજી તંત્રી શ્રી ભગવાનદાસ મિસ્ત્રીનો શ્રદ્ધાંજલી અર્પતો અંક પ્રકાશિત કરવાની તક મળી... સૌએ એમને હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલી અર્પી.. બનતી માહિતીઓ મેળવી પ્રકાશિત કરી સાચુ તર્પણ કરવાના પ્રયત્નો કર્યા છે.. અંતમાં એટલું જ કહીશ કે એમના પાંચ વર્ષના કાર્યકાળ દરમ્યાન કરેલ કાર્યોની યાદોના ગુલદસ્તાની મહેંક સમગ્ર પંચોલી સમાજમાં સદા મહેકયા કરશે....

ઓગષ્ટમાસ તેજસ્વી તારલાઓનો અંક.. ઉત્તિર્ણ થયેલ દરેક વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને ખૂબ ખૂબ અભિનંદન.. તમારા જીવનમાં પ્રગતિના શિખરો સર કરતાં રહો એવી હાર્દિક શુભેચ્છાઓ....

દિપોત્સવી અંકનું પ્લાનીંગ શરૂ કરી દીધું છે.. આ અંકમાં જાહેરાત માટેનું ફોર્મ છાપ્યું છે.. દરેક જ્ઞાતિજનોને વિનંતી કે એ ફોર્મ ભરી દિપોત્સવીઅંકમાં શુભેચ્છા જાહેરાત આપી નવયુગ પ્રત્યેનું આપનું ઋણ અદા કરશો.

દરેક એકમના પ્રમુખ/મંત્રી/કારોબારી સભ્યોને વિનંતી કે તેઓ પ્લાનીંગ કરી વધુને વધુ જાહેરાત લાવવાના પ્રયત્નો કરે.. પોતે પણ જાહેરાત આપે અને પોતાની કારોબારી ટીમ પાસે પણ અપાવે અને જ્ઞાતિજનોનો સંપર્ક કરીને એમની પાસે પણ અપાવે... તથા આપણી ઓળખાણ હોય એવી જ્ઞાતિબહારની વ્યકિતઓ પાસે પણ લઇને મોકલાવે એવી આશા રાખું છું..

નવયુગ પ્રતિમાસ વિના મૂલ્યે જ્ઞાતિજનોને મળે છે.. અને ઘટતા જતા વ્યાજના દરો અને વધતી જતી મોંઘવારીની તો આપ સૌને ખબર જ છે... તેમાં વળી પોસ્ટીંગ ચાર્જ પણ ઉમેરાયો હોય દર વર્ષે એ ખર્ચ પણ વધી ગયો હોય દરેક જ્ઞાતિજન નવયુગને અવશ્ય શુભેચ્છા જાહેરાત આપે જ એવી આશા રાખું છું.

એક કહેવત છે 'ખાતા ખુટે અને વાપરતા તુટે...' અને બીજી કહેવત છે વાપરતા તો કુબેરના ભંડાર પણ ખાલી થઇ જાય પરંતુ આપણે નવયુગનો ભંડારને ભરાયેલો જ રાખવાનો છે... કારણ કે નવયુગ એ પંચોલી સમાજને જોડતી કળી છે... દરેક ગામોના સમાચાર આપતું એક માધ્યમ છે અને એ માધ્યમ દ્વારા જ સમાજમાં બનતી ઘટનાઓ, સમાજના કાર્યો વિગેરેની

જાણકરી બધાને મળી જાય... આથી નવયુગને આર્થિક રીતે પગભર રાખવું આપણી ફરજ બની જાય છે... કારણ કે આપણે છે તો સમાજ છે અને સમાજ છે તો આપણે છે...

આ વર્ષે આ નવયુગ મળશે એટલે શ્રાવણમાસ પણ અડધો પુરો થઇ ગયો હશે.. આથી નવયુગ મળે તુરત ને તુરત શુભેચ્છા જાહેરાત મોકલવા વિનંતી છે.... આપને ત્યાં કોઇ લેવા આવે કે ના આવે આપણી જાહેરાત મોકલવાની ફરજ છે..તો ડાયરેક તંત્રીશ્રીને અથવા તો તમારા એકમમાં જાહેરાત લાવનાર વ્યકિતને સામેથી ફોન કરી જાહેરાત આપશો.. મોટા શહેરોમાં જાહેરાત લેવા આવનારને જાહેરાત સાથે પેમેન્ટ પણ આપી દેશો આથી તેમને પૈસા માટે ધકકા ખાવા ન પડે...તો જ્ઞાતિજનો વધુ ન કહેતા આટલુ જ કહીશ....

સાથે ચાલો..... સાથે મળીને વાતો કરો..... અને સાથે મળીને કાર્ય કરો... તો સમાજની પ્રગતિ હાથવેંતમાં જ છે... તો ચાલો આપણે દિપોત્સવી અંકને દળદાર બનાવવાના પ્રયત્નો શરૂ કરી દઇએ.....જો જો... તમારી જાહેરાત રહી ના જાય....

અંતમાં ઘણી મહેનતો બાદ દિવાળી અંક બને છે પરંતુ સુરત, વડોદરા અને મુબઇમાં દિપોત્સવી અંક મળતા નથી અને જે જ્ઞાતિજન જાહેરાત આપે છે એ જ નવયુગથી વંચિત રહી જાય છે તો આ એકમોના પ્રમુખશ્રીને ખાસ વિનંતી કે ફકત દિપોત્સવી અંક હેન્ડ ડીલીવરી કે બીજી કોઇ વ્યવસ્થા કરી મારા કાર્યમાં સહકાર આપે અસ્તુ.....

મનિષભાઇ એમ પંચોલી
પ્રમુખ શ્રી પં.સે.સ. મહામંડળ

# પ્રમુખ નોંધ .....

સુજ્ઞ જ્ઞાતિજનો,

સૌ જ્ઞાતિજનો ને મારા નમસ્કાર,

વર્ષા ઋતુની શરૂઆત થઇ છતાં પુરતાં પ્રમાણમાં વરસાદ પડતો નથી સૌ પ્રભુને પ્રાર્થના કરીએ કે પુરતાં પ્રમાણમાં વરસાદ પડે તો મુંગા પશુઓ માટે ઘાસચારો તેમજ માનવીઓ માટે અન્નની અછત ન વર્તાય.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળનાં માજી પ્રમુખ શ્રી એ. સી. પંચોલી, નવયુગના માજી તંત્રી શ્રી ભગવાનદાસ મિસ્ત્રી તેમજ નવયુગ પ્રકાશન સમિતિનાં સભ્ય તથા યુવા કાર્યકર શ્રી જતીનભાઇ ડી. પંચોલી દેવલોક થયા છે. પ્રભુ એમનાં આત્માને ચિરઃશાંતી અર્પે એવી પ્રાર્થના. સમાજનાં કાર્યોને આવા કાર્યકરોની ખોટ હંમેશા સાલસે, પરંતુ ઇશ્વરનાં નિર્ણય આગળ આપણે સૌ લાચાર છીએ. પ્રભુ દિવંગત આત્માને શાંતી અર્પે એવી પ્રાર્થના.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સામાન્ય સભા તા. ૨૪.૦૮.૨૦૧૪, રવિવારનાં રોજ નવસારી મુકામે મળનાર છે જેમાં મોટી સંખ્યામાં બહેનો તથા યુવા મિત્રો હાજર રહે એવી મારી ઇચ્છા છે તો સ્વયંના કાર્યકરો તેમજ વિવિધ એકમોના મહિલા મંડળનાં બહેનોતથા યુવાનો પોતાનું પ્લાનીંગ કરી સામાન્ય સભામાં હાજર રહે તેવી વિનંતી છે. મહામંડળનાં માજી કાર્યકરોને પણ વિનંતી કે, આપ સૌ પણ આ સામાન્ય સભામાં અવશ્ય હાજર રહેશો. દરેક એકમ માંથી સૌ કાર્યકરો ભેગા થઇ આપણે સૌ ભેગા મળી મહામંડળનાં ભવિષ્યના પ્લાનીંગને આખરી ઓપ આપી શકીએ. સૌ મિત્રોને વિનંતી કે, આપણે મહામંડળને આગળ લઇ જવા માટે શુ કરી શકયે તે વિષે ચિંતન કરે. સૌનાં સાથ-સહકાર થી આપણે મહામંડળ થકી વિવિધ સેવાકીય પ્રવૃતિઓને આગળ વધારી શકીએ.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળની સુવર્ણ જયંતિ મહોત્વસની ઉજવણી પ્રસંગે ''સ્વર્ણિમ ફંડ'' ની રચના કરવામાં આવેલ છે. જેમાં સારો સહકાર પ્રાપ્ત થઇ રહયો છે દાતાઓને વિનંતી કે ઘણી મામુલી રકમ દર વર્ષે પાંચ વર્ષ સુધી આપણે દાનમાં આપવાની છે.

તમારા દાનની રકમ જરૂરિયાતમંદ જ્ઞાતિજનો ને ઘણી ઉપયોગી થશે. તો ઉદાર હાથે સૌ જ્ઞાતિજનો આ યોજનામાં પોતાનો ફાળો આપે તેવી વિનંતી કરૂ છું. મોટા એકમો જેવા કે, મુંબઇ , સુરત તથા વડોદરા , રાજપીપળા , વ્યારા નાં સૌ જ્ઞાતિજનોને વિનંતી કે ''સ્વર્ણિમ ફંડ'' માટે આપની રૂબરૂ મુલાકાત શકય ન હોય તમોને નમ્ર વિનંતી કે ''સ્વર્ણિમ ફંડ'' માટે આપનું દાન 'શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ'નાં નામે બેંક ઓફ બરોડા , વ્યારા શાખામાં બચત ખાતામાં એકાઉન્ટ નંબર :- ૦૨૯૯૦૧૦૦૦૧૦૦૯૫ માં જમા કરાવી અમોને જાણ કરશો , જેથી તમારી રસીદ હમો મોકલી શકીએ. સૌ જ્ઞાતિજનોને દાનની રકમ આ એકાઉન્ટ માં જમા કરાવવા વિનંતી છે.

દિનેશભાઇએ દિપોત્સવી અંક માટેની તૈયારીઓ શરૂ કરી દીધી હોય દરેક એકમો વધુને વધુ જાહેરાતો વેળાસર મોકલી એમના કાર્યમાં સહકાર આપે...

પાલ વિભાગમાં અધિવેશન થાય તે માટે પાલ વિભાગના કાર્યકરો જરૂરી આયોજન હાથ ધરશે. અને આવનારી સામાન્ય સભામાં આ અંગે જરૂરી ચર્ચા કરી આપણે અધિવેશનને આખરી ઓપ આપીશું, પાલ વિભાગનાં સૌ કાર્યકરો સામાન્ય સભામાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશે તેવી વિનંતી કરૂ છું.

શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના સ્વ. અંબેલાલ ઝીણાભાઇ પંચોલી, સ્વ. મણીબેન અંબેલાલ પંચોલી અને સ્વ. કાંતિભાઇ અંબેલાલ પંચોલી લેસ્ટર યુકે. તરફથી વ્યાજ વપરાશ ફંડમાં રૂ. ૫૧,૦૦૦/- શૈક્ષણિક ફંડ તથા રૂ. ૫૦,૪૦૦/મેડિકલ સહાય માટે આપ્યા છે. લેસ્ટર યુકે. ના એક સજ્જન તરફથી ૬૦મી વર્ષગાંઠ નિમિત્તે વ્યાજ વપરાશ ફંડમાં રૂ. ૫૧,૦૦૦/- શૈક્ષણિક ફંડ તથા રૂ. ૫૧,૦૦૦/મેડિકલ સહાય માટે આપ્યા છે. બન્ને દાતાઓના ફેમીલીનો આભાર માનું છું. અસ્તુ.

સત્કૈવલ સાહેબ

# શ્રદ્ધાંજલી

**સ્વ. વિનોદભાઈ હરકીશનદાસ પંચોલી**
**જન્મ તા. ૨.૦૩.૧૯૫૨-આફ્રિકા-નૈરોબી**
**દેહવિલય : ૧૭.૧૨.૨૦૧૩**

મળે છે દેહ માટીમાં, પણ માનવીનું નામ જીવે છે.
મરે છે માનવી પોતે માનવીનું કામ જીવે છે.
થયો નથી મારા દિલને વિશ્વાસ, તમો આજ નથી અમારી પાસ.
ઘરના દરેક ખૂણે તમારી સુવાસ છે. દિલની હર ધડકનમાં તમારો વાસ છે.
સદ્‌ગુરુ કરુણાસાગર મહારાજ આપના આત્માને એમના ચરણોમાં સ્થાન આપી
કૈવલધામનું સુખ આપે એવી અમારી અંતઃકરણથી પ્રાર્થના....

**અર્પણકર્તા**

ગં.સ્વ. અંજનાબેન(આશા) વિનોદભાઈ પંચોલી

ગં.સ્વ. વનિતાબેન હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ મીનાબેન પંચોલી અને ફેમીલી
શ્રી યોગેશભાઈ હરકિશનદાસ પંચોલી
શ્રીમતિ ભારતીબેન પંચોલી અને ફેમીલી

ગં.સ્વ. કુસુમબેન પરસોત્તમભાઈ પંચોલી
શ્રી જનકભાઈ પી. પંચોલી અને ફેમીલી
શ્રી વિરેનભાઈ પી. પંચોલી અને ફેમીલી
શ્રીમતિ માલતીબેન બિપીનભાઈ ફવાલા

20, WESTBOURNE ST. LEICESTER (U.K.)

# અભિનંદન.....






## ચિ. ક્રિશ્ના જેસલકુમાર મિસ્ત્રી - બારડોલી

એ જીવનની અદ્‌ભુત અને યાદગાર

## નાસા સ્પેશ સેન્ટર

સફળતા પૂર્વકની મુલાકાત તા. ૧૭ જુનથી ૨૮ જુન-૨૦૧૪
ના રોજ લીધી છે એ બદલ અમે ગૌરવની લાગણી અનુભવીએ છીએ....
અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ કે જીવનની દરેક પ્રગતીઓ એના કદમોને ચૂમે....

## અર્પણકર્તા

શ્રી નરેન્દ્રભાઇ અંબેલાલ મિસ્ત્રી-૯૮૯૮૦ ૬૬૩૧૯
શ્રીમતિ સુરેખાબેન નરેન્દ્રભાઇ મિસ્ત્રી
શ્રી જેસલકુમાર નરેન્દ્રભાઇ મિસ્ત્રી-૯૮૯૮૧ ૯૯૧૪૧
શ્રીમતિ દિપીકાબેન જેસલભાઇ મિસ્ત્રી-૯૩૨૭૩ ૮૯૯૮૨
સ્વ. અમિતકુમાર નરેન્દ્રભાઇ મિસ્ત્રી
નેહલબેન અમિતકુમાર મિસ્ત્રી-૯૮૯૮૩ ૪૦૩૧૧
ચિ. ઓમ જેસલભાઇ મિસ્ત્રી ચિ. ઉદિત અમિતભાઇ મિસ્ત્રી

૩-૪, શાલીગ્રામ રેસીડન્સી, અવધુત મંદિરની સામે, કડોદ-માંડવી રોડ, બારડોલી
ફોન નં. : ૨૨૫૬૭૮(ઘર) - ૨૨૩૨૪૫(ઓ)

# Congratulation

## Dr. Shweta Hemant Mistry

*Our Heartly Congratulation to our Daughter* Shweta
*on passing her final year B.P.T. with Distinction, 6th rank at S.N.D.T. women's University, Mumbai. We wish her all successes in her new venture*

### With Best Compliments from

Lalitaben C. Mistry

Er. Hemant C. Mistry (99242 11022)

Miss. Mruduta H. Mistry

Mrs. Bharti H. Mistry (97147 99022)

201, "Guru Smruti" Somnath Mahadev Road, Parle Point, Athwalines, Surat-7

Er. Shailesh Mistry, Family

Shri Jitendra Mistry, Family

Shri Amrutlal Mehta, Family

Shri Jayesh Mehta, Family

Shri Pratik P. Pancholi

Hero
SPARSH AUTOMOBILES
ARD of Shivani Motors Pvt. Ltd.

# સ્તન કેન્સર

ડૉ. પદમાબેન આર. પંચોલી-વડોદરા
એમ.ડી.ડી.જી.ઓ.

સૌ પ્રથમ તો સવાલ થાય કે કેન્સર એટલે શું ? શરીરની રચના અનેક કોષો(નાડી)થી થઇ આ કોષો નિયમિત રીતે નવા બને છે અને નાશ પામે છે અને પાછા નવા બને છે. આ કોષોની વૃદ્ધિ જ્યારે મર્યાદાની બહાર જાય ત્યારે નાશ પામતા નથી પણ એક ગાંઠ બને છે. આ ગાંઠને કેન્સર(ટયુમર)ની ગાંઠ કહેવામાં આવે છે.

દુનિયામાં અને ભારતમાં સ્ત્રીને જે કેન્સર થાય છે તેમાં સ્તન કેન્સરનો પ્રથમ નંબર આવે છે. અને બીજા નંબરે ગર્ભાશયનું કેન્સર આવે છે.

કેન્સર થવાના કારણો : શરીરમાં વધારે પડતી ચરબી અને બેઠાડું જીવન, બાળક મોડેથી થવું અથવા ન થવું. ફેમીલીમાં માસી, નાની, ફોઇ, દાદી,બહેન કે કોઇને પણ થયું હોય તો તે થવાની સંભાવના વધુ પરંતુ દર વખતે એવું થતું નથી. પ્રદુષિત વાતાવરણ, વધારે પડતા પ્લાસ્ટીકનો ઉપયોગ.

સ્તન કેન્સરના ચિન્હો : સ્તનમાં ગાંઠ, સ્તનની ડીટીમાંથી રકતસ્ત્રાવ, તાવ આવવો, બચેની લાગવી, સ્તનની સાઇઝમાં ફેરફાર, સ્તનમાં દુઃખાવો થવો.,

નિદાન : ડોકટરને તાત્કાલીક બતાવવું, નિદાન માં પ્રથમ ગાંઠ હોય બાયોપ્સી કરાવવી, ગાંઠ સાદી હોય તો પણ બાયોપ્સી કરાવવી. કેન્સરનો રીપોર્ટ આવે તો ડોકટરની સલાહ મુજબ દવા લેવી. મહિનામાં અરીસામાં પોતાના સ્તનનો આકાર જોવો. કંઇ પણ ફેરફાર લાગે તો તુરત ડોકટરને બતાવવું. જાતે જ સ્તનની તપાસ કરવી. આમ કરવાથી તકલીફોનું નિદાન તથા જરૂરી સારવાર કરી શકાય છે. ખાસ યાદ રાખવાનું કે કેન્સર એટલે કેન્સલનો જમાનો જતો રહ્યો. આધુનિક ચિકિત્સા પધ્ધતિથી સારા પરિણામ મળે છે. જિંદગીના વર્ષોમાં જિંદગી ઉમેરી શકાય છે....

## લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટ

### (ટ્રસ્ટી : શ્રી પંચોલી સેવા સમાજ-મુંબઈ)

લીલાવતીબેન છગનલાલ મેમોરીયલ ટ્રસ્ટના તેરમા વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે આનંદની લાગણી અનુભવીએ છીએ.. આ કાર્ય માટે સુંદર દ્રતિસાદ મળ્યો છે..

આ સહાયમાં મુખ્યત્વે મુંબઇ-૧૧, બીલીમોરા-૭, ગણદેવી-૨, અજરાઇ-૨, ખડસુપા-૨, નવસારી-૩, સુરત-૪, અંકલેશ્વર-૬, વ્યારા-૨, કવાંટ-૧, વડોદરા-૧ વિગેરે એકમોને લાભ મળેલ છે..

આ વર્ષે માન્ય કરવામાં આવેલ અરજીઓમાં દરેકને રૂ. ૧,૦૦૦/-ની સહાય સભ્યને હાથોહાથ, મનીઓર્ડર તથા બેંક ટ્રાન્સફર દ્વારા રવાના કરવામાં આવ્યા હતાં. આવી જ રીતે જે સભ્યોને ખરેખર જરૂરીઆત હોય તેમને સહાય આપવામાં આવશે..

**: સંચાલન સમિતિ :**

ડૉ. ભૂપેન્દ્ર ચુનીલાલ પંચોલી — શ્રી મુકેશ પરમાનંદ મિસ્ત્રી — શ્રી રાહુલ જીતેન્દ્રભાઇ મિસ્ત્રી
શ્રી જીતેન્દ્રભાઇ ગોવિંદદાસ મિસ્ત્રી — શ્રી પરાગ નવિનચંદ્ર મિસ્ત્રી — શ્રી ભાવિક મોહનલાલ કાપડિયા
શ્રી કુંતલ પ્રફુલભાઇ પંચોલી — શ્રી નિલેશ રજનીકાંત પંચોલી

## તેજસ્વી તારલા જોગ

**દિવાળી અંકમાં ફકત કોલેજ કક્ષાના તેજસ્વી તારલાઓના ફોટા પ્રકાશિત કરવામાં આવશે.**

HSC અને HSCના ફોટા દિવાળી અંકમાં રૂ. ૧૫૦ આપશે તેના જ છાપવામાં આવશે
જેની નોંધ લેવા વિનંતી. માર્કસીટ અને ફોટાઓ જેમ જેમ રીઝલ્ટ આવે એમ મોકલી આપવા વિનંતી
તા. ૧૫.૦૯.૨૦૧૪ સુધીમાં આપની માર્કસીટ મોકલવી ત્યારબાદ આવેલ
માર્કસીટ સ્વીકારવામાં આવશે નહીં....વોટસઅપ કે ઈમેલ દ્વારા માર્કસીટ મોકલવી નહી...જેની નોંધ લેવી

# સ્મરણાંજલિ : હવે સ્મરણો ભીનાં

જય પંચોલી-અમદાવાદ
શ્રી પ.સૌ.સ.મહામંડળ માજીપ્રમુખ

ના....ના....ના.... તમારા બધા સાથે હું બિલકુલ સહમત નથી. તમે મને તંત્રીની જવાબદારી સોંપી પછી શું કરવું ? એ મારે જોવાનું આ કિસ્સામાં તંત્રીને યોગ્ય લાગ્યું તે કર્યું, પછી આ બધી પિષ્ટીપોષણ શા માટે ? પેલા ભાઇએ કહ્યું ' તો રાજીનામું ' તો સાંભળો એ પણ નહીં, નહીં... નહીં..ને નહીં જ બોલો હવે કંઇ કહેવું છે ?

ત્રણેક કલાકની ઉગ્ર ગંભીર ચર્ચા નવસારીમાં મહામંડળની કારોબારીમાં રાત્રે બે વાગે ઉપરોકત ચર્ચા ડાયલોગ થયા. વાત એમ હતી કે નવયુગના પ્રથમ પેજમાં બોક્ષમાં આવેલ સમાચાર તંત્રી તરીકેના ....ટસ ના મસ ના થયા... ત્યારે થયું કે અસલી ગાંધીજન આવા જ હોય. સવારે નજીક ફરવા નીકળ્યા.. ચા ની ચુસ્કી વાગી રહી ત્યાં ભગવાનભાઇ દોડયા. રાત્રે જેની સાથે ઉગ્ર ડાયલોગ થયા હતાં તેને કહે આવો ચા પીવો... કેટલી મોટી વાત પળમાં વાતાવરણ હળવું..

આવા અનેક સ્મરણો અત્યારે મન હૃદયમાં ઉભરાયને પ્રફુલ્લિત કરીને ઝૂમી.. મ્હેંકી રહે.. રહેશે...

સ્મરણોએ માણસને મળેલી કુદરતની અદ્‌ભૂત અનુપમ ભેટ. એમાં કેટલાંક સ્મરણો પાણીદાર મોતી જેવા સદા ચમકતા-દમકતા સમય સંજોગોનુસાર યાદ આવે..જ આવે.

ત્યારે કહેશું કે.....

'સ્મરણની સરકતી છલકતી રેત પર
તમારા સ્મરણોની છે છાપ અમીટ'

મહામંડળનું અધિવેશન બારડોલીમાં યોજાયું, પહેલીવાર હાજર રહેવાનું સદ્‌ભાગ્ય. પ્રવેશતા જ એક ખાદીધારી સજ્જને ઉષ્માસભર આવકાર્યા. વાતો વાતોમાં ઓળખાણ અને હેતથી ભેટી પડયા. પછી તો અવારનવાર મુલાકાતો એજ ઉષ્મા. પિતા તુલ્ય વાત્સલ્ય, નવયુગ સાથે જોડાયા પછી નાતો ધારો મજબુત દર મહિને એકાદ બે પત્રો ટાયટલ માટે બ્લોક માટે ત્યારે ફકત આંગડિયા રહેવાનું બારડોલી અને નવયુગ કારોબાર સુરત.. વણથંભી યાત્રા.. ત્યારે આટલીબધી સવલત નહીં. પણ લીધેલું કામ સમયસર ચીવટ ખંતથી કરવું એ જીવન મંત્ર

પ્રથમ નજરે, સામાન્ય વ્યકિતત્વ... માથે ચળકતી ચમકતી ટાલ...ચશ્માની આરપાર જોતી, જરૂર કયારેક આશ્ચર્યમાં નાખતી લેસર જેવી આંખો.. એમાંથી હેત નમ્રતા વહેતાં અનુભવાય.. હોઠ પર સ્મિત, ખભે હાથ મુકે ત્યારે લાગણીની અનુભૂતિ કરાવે.. વસ્ત્રો ખાદીનાં સાદાં, સ્વાતંત્ર્ય સૈનિક, એ ખુમારી કયારેક ઝબકતી જરૂર અનુભવાય. નવયુગને પગભર કરી દોડતું કર્યું. એ શ્રમ અમો જરૂર યાદ કરીશું.. છેલ્લે ડો. વિસ્મયભાઇના લગ્ન નિમિત્તે અમદાવાદમાં છએક કલાકનું નિરાંત મિલન.. કંઇ કેટલાં સંસ્મરણો વાગોળ્યા. એ ખુશ... અને આપણે પણ ખુશ.

છેલ્લે અલપઝલપ મળાયું અંકલેશ્વર મુકામે.. ત્યારે એ ખબર નો'તી કે આ છેલ્લુ મિલન હશે. ઇશ્વરેચ્છા બલિયસી સમજી સ્વીકારવું જ રહ્યું. કેટલી વ્યકિત, વ્યકિતત્વ જાણે કે ઇશ્વરના વરદાન પામીને અવતરે, એમની દૃષ્ટિ, એમની વૃત્તિ, એમનાં ચિંતન, અભિવ્યકિત વિગેરે સૌના હૃદયની આરપાર ઉતરે એવાં, સૌના હૃદયભાવને વાચા અર્પતા અનુભવાય..

કાળાંતરે બધુ વિલાઇ-વિસરાઇ જશે... પણ એમના સર્જન 'નવયુગ' ની, કાર્યદક્ષતાની - સ્વભાવની સુગંધતો, જેને જેને એ મળ્યા હતાં, એ સૌના અંતરને હંમેશા મઘમઘતું રાખશે.. એમનો આવો પમરાટ આપણે આપણાં જીવન કાર્યમાં પમરાવીએ એ જ એમને સાચી ભાવાંજલિ કે સ્મરણાંજલિ... ત્યારે કહીશું કે...

## શ્રી પંચોલી સેવા સમાજ અંકલેશ્વર અને પંચોલી મહિલા મંડળ અંકલેશ્વર

નવયુગના માજી તંત્રી શ્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રીના અવસાનના દુઃખદ સમાચાર જાણી દુઃખની લાગણી અનુભવી.

સ્વાતંત્ર્ય સેનાની, સાદગી, મિતભાષી અને સદાય પ્રસન્ન મુખમુદ્રા હવે ફરી જોવા ન મળે... સમાજે એક કર્મનિષ્ઠ કાર્યકર ગુમાવ્યા છે... એમની ખોટ વારંવાર સાલશે.. પરંતુ ઇશ્વરેચ્છા બલીયસી.. મહારાજ સ્વામી એમના આત્માને ચિરઃશાંતિ અર્પે અને એમના કુટુંબીજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે એજ અંતઃકરણ પૂર્વક પ્રાર્થના

જેસલ મનુભાઇ મિસ્ત્રી-પ્રમુખ અંકલેશ્વર એકમ
અનુરાધાબેન એમ. મિસ્ત્રી-પ્રમુખ મહિલામંડળ
તથા કારોબારી સભ્યો અને જ્ઞાતિજનો

દિનેશભાઇ ડી. પંચોલી-અમદાવાદ

# એક હૂંફાળુ વ્યકિતત્વ-ભગવાનદાસ મિસ્ત્રી

નિખાલસ, સ્પષ્ટ વકતા, નીડર વ્યકિતત્વ, સ્વાતંત્ર્ય સૈનાની અને પંચોલી નવયુગના તંત્રી. આવા અનેક વિધ પાસાં એમના જીવનકવનમાં જોઇ શકાય. અમારા સંબંધી...કુટુંબી...સખા...મિત્ર અને હૂફાળા સ્વજન એટલે ભગવાનદાસ..

બારડોલી સ્વરાજ આશ્રમનું અભિન્ન અંગ. એ એમની કર્મભૂમિ. સ્વાતંત્ર્ય સૈનાનીના નાતે. આજીવન ખાદી, વિચારોની પ્રતિબધ્ધતા અને ટ્રાન્સપરન્સી એનો ત્રીવેણી સંગમ અહીં રચાઇ ગયેલો જરૂર અનુભવાય. નેવું દાયકાની જીવનયાત્રા એમને માટે, જરૂર આનંદયાત્રા બનેલી અનુભવાય. મિતભાષી, બોલવા બેસે ત્યારે રોકવા એટલા મુશ્કેલ, ગુસ્સો ક્યારેક બતાવે, બીજી ક્ષણે એજ મુકત પ્રચંડ હાસ્ય. જ્યારે જ્યારે મળીએ ત્યારે એજ હૂંફ અનુભવાય.. ત્યારે થાય કે પ્રેમાળ-હૂંફાળુ વ્યકિત-વ્યકિતત્વ કયાં જઇ શોધીશું...?

થોડા વર્ષો પહેલાં સામાજીક પ્રસંગ નિમિત્તે એમની સાથે કલાકો ગાળવાનું સદ્‌ભાગ્ય મળેલું ત્યારે થયું : આમના અનુભવો, વિચારો, કાર્ય, કાર્યપધ્ધિતિ નવી પેઢીને જાણવા મળે તો કેવું ? વાત વાતમાં પૂછાયું તમારા સ્વાતંત્ર્ય સૈનાની તરીકેનો યાદગાર અનુભવ ? પ્રત્યુત્તરમાં એજ મુકત હાસ્ય, પછી માંડીને વાત શરૂ. સ્વાતંત્ર્યની લડતમાં બારડોલી અગ્રેસર ત્યારે અમે બધા યુવાન.. એક નવું જોમ-જુસ્સો નસનસમાં વહે.. દેશ માટે કંઇ કરી છૂટવા મન ભૂરાંટુ બને. ત્યાં ખબર પડી કે : સૈનાનીની પસંદગીનો કાર્યક્રમ છે. અમે બે ચાર દોસ્ત ત્યાં પહોંચ્યા. ત્યાંની શિસ્ત જોઇ પ્રથમ ડઘાઇ ગયા. હાજર કાર્યકર્તાઓનો પ્રેમ સ્વાગતથી થોડી રાહત અનુભવી. બધાં લાઇનમાં હારબંધ ઉભા રાખ્યા. સામે એક મોટુ ટેબલ. ઉપર સફેદ ખાદીની ચાદર પાથરેલી. ત્યાં ઓર્ડર.. એક પછી એક ટેબલ પાસે આવો.. વારાફરતી ઉભા રહો.. પહેલો વિદ્યાર્થી ત્યાં જતા જ કારમી ચીસ પાડી નાઠો. જાહેરાત થઇ નાપાસ.. બે-ત્રણ-ચાર બધાની એજ હાલત. ઘણાં રડે. ચીસો પાડે, અમે વિચારવા લાગ્યા કે આમ કેમ ? મારો વારો.. ટેબલ સામે ઉભો. ત્યાં ડામ દેવાયો હોય તેવી બળતરા ઉપડી.. મન મકકમ કરી.. ઉંહકારો પણ કર્યા વિના.. ચહેરા પરના હાવભાવ સહેજ પણ બદલાય નહીં તેની કાળજી રાખી વેદના સહન કરી લીધી. પાછળથી ખબર પડી કે : એ સળગતી અગરબત્તીનો ડામ હતો. શું થાય ? કોને કહેવું ? ચારેક મિનિટના અંતે કહ્યું : તુમ સીલેકટ હો ગયે... વાહ !

બીજા દિવસથી ખરી કામગીરી શરૂ 'કરેંગે યા મરેંગે'નું સુત્ર.. અને ભૂગર્ભ પ્રવૃત્તિ શરૂ થઇ., પોસ્ટ ઓફિસો, પોલીસચોકીઓ સળગાવવી, રેલ્વેના પાટા ઉખાડી નાંખવા, ટેલિફોનના થાંભલાંને ઉખાડી ધરાશયી કરવા અને રાત્રે લોકોને સાચા સમાચાર, કાર્યક્રમો જણાવવાં 'પત્રિકા વહેંચવી', ક્યારેક ચાલતા, દોડતા, ખખડધજ સાયકલ તો વળી પગપાળા.. સવાર સુધી આજ કામ ચાલે, એમાં મોટો ભય હતો પકડાય જવાનો. આકરી સજા, જેલ બધુ જ અમાનુષી અત્યાચારથી ભરપૂર. નિર્દય રીતે લોકજૂવાળ ડામી દેવા અંગ્રેજ સરકારે બધુ જ કર્યુ. પકડાય એ બંદા બીજા... એકવાર અમે પકડાયા.. આઝાદી પછી, સરકાર તરફથી 'સ્વાતંત્ર્ય સૈનાની' નું બહુમાન... આનંદ થાય જ.. કદર કોને ન ગમે ? પણ મનની અંદર એક દુઃખ ઘર કરી બેઠું. આઝાદી પછીના વર્ષોમાં રમજકારણોનો ગંદવાડ, મોંઘવારી, બેઇમાની ફાલ્યાફૂલ્યા. જોઇને ક્યારેક થાય કે લાવો, પાછા સક્રિય થઇ આંદોલન કરીએ.. ત્યારે ઉંમર ના પાડે છે.. વિલાયેલા કોસાતા મને આ બધુ જોઇ રહીએ છીએ.. મનોમન દુઃખી થઇએ..ત્યારે થાય કે 'આવા દિવસો જોવા, આઝાદી જંગ માંડયો હતો?? ખેર સહન કર્યે જ છૂટકો..

ફરી ન મળ્યાનો અફસોસ જરૂર રહેશે.. હવે રહી રહીને થાય છે કે : એ સ્વસ્થ હતા ત્યારે, આ ઐતિહાસિક ઘટનાઓને સાચવી રેકોર્ડીંગ કરી સાચવી હોત તો ? નવી પેઢી માટે પ્રેરણાદાયી બની રહે... ખેર ! જો બીત ગયા વો સપના થા '

મુ.શ્રી ભગવાનદાસ કાકાના અવસાનના દુઃખદ સમાચાર જાણી દુઃખની લાગણી અનુભવી. સ્વર્ગસ્થનો સેવાભાવી સ્વભાવ હતો. આઝાદીની ચળવળમાં ભાગ લઇ સાદગી ભર્યુ જીવન વિતાવ્યું હતું. પંચોલી નવયુગના તંત્રી રહી કપરા સંજોગોમાં તેમજ નાણાંભીડના તબકકે પણ નવયુગને નિયમિત રીતે પ્રસિદ્ધ કરતાં હતા. તેમના દુઃખદ અવસાનથી એક સેવાભાવી કાર્યકર ગુમાવ્યા છે

પ્રભુ એમના આત્માને શાંતિ અર્પે તથા કુટુંબીજનો પર આવી પડેલ આઘાત સહન કરવાની શકિત અર્પે..

ડો. સૂર્યકાંત એમ. પંચોલી
માજીપ્રમુખ શ્રી પં.સે.સ.મહામંડળ

# હૃદયાંજલી

તા. ૨૦મી જુન ૨૦૧૪ના રોજ વોટસઅપ પર ન્યુઝ મળ્યા કે 'ભગવાનદાસનું અવસાન થયું છે.' એક સરળ દિલ, સીધું વ્યકિતત્વ અને પંચોલી સમાજના જીવિત રહેલ કદાચિત છેલ્લા સ્વાતંત્ર્ય સૈનાની અને સૌથી વિશેષ અમારા માના એટલે કે નવયુગ તંત્રીઓ પૈકીના એક 'ભગુમામા' હવે આપણી વચ્ચે સ-દેહે નથી જાણી ખરેખર ખૂબ દુઃખ થયું. હવે એક વધુ તંત્રીની આગળ 'શ્રી' હટાવી 'સ્વ' લખવું પડશે...એ વાત દુઃખી કરી ગઇ...

બારડોલીને કર્મભૂમિ બનાવી અને ત્યાં જ સમગ્ર જીવન વ્યતીત કરનાર સ્વ. ભગુમામા એટલે સ્વાતંત્ર્ય સૈનાની સ્વ. ભગવાનદાસ મકનજી મિસ્ત્રીને હું જેટલા જાણી શક્યો છું તે મુજબ કહું તો સીધા, સરળ, અજાતસત્રુ કહી શકાય એવી વ્યકિતને હું મારા સમગ્ર જીવનમાં મળ્યો નથી. કોઇ વાદ-વિવાદ, કોઇ સાથે મન દુઃખ વગરનું સરળ અને સાદુ જીવન વ્યતિત કરી આપણને અને આ દુનિયાને અલવિદા કહેનાર સમાજની આ વિરલ વિભુતીને હૃદયાંજલી

હેમંત સી. મિસ્ત્રી
ચેરમેન-વેબ સાઇટ, માજી તંત્રી
સી.ટી.સ્મારક નિધિ માજી પ્રમુખ

---

પંચોલી સમાજના એક એવા વ્યકિતને ગુમાવ્યા કે જેમની ખોટ હરહંમેશા સમાજને રહેશે. સુરતના અધિવેશનમાં મારી મુલાકાત એમની સાથે થઇ ત્યારે મેં એમને ભલામણ કરી કે 'મારે તમારા જીવન વિશે પંચોલી નવયુગમાં એક લેખ છાપવો છે.' તો હસતાં હસતા કહે 'આ ઉંમરે મારો લેખ કોણ વાંચશે ?'

છેવટે મને એ તક મળી અને નવેમ્બર-ડિસેમ્બર ૨૦૧૨ ના નવયુગના દિપોત્સવી અંકમા એમનો લેખ છાપ્યો.

મહામંડળને એમણે આપેલી સમાજ સેવાનો લાભ આજે આપણને મળી રહ્યો છે. એક નિઃસ્વાર્થ વ્યકિતત્વ, ગાંધીજીના પંથ પર ચાલતા અને છતાં આજના યુવાનોમાં ભળી જતાં, એવા હતાં શ્રી ભગવાનદાસ.

આજે આપણી વચ્ચે એઓ નથી છતાં એમના કાર્યોની સુવાસ સમગ્ર સમાજમાં ફેલાતી રહેશે. એમના પવિત્ર આત્માને પ્રભુ ચિરઃશાંતિ અર્પે એવી પ્રાર્થના.. એઓ મારે માટે પ્રેરણારૂપ હતાં.. સમાજના કામમાં મને લાવનાર અને સમાજ પ્રત્યેની સેવા કરવાનો ઉમંગ બતાવનાર ભગવાનદાસ હતા...

પંકજ એ. પંચોલી-લેસ્ટર(યુ.કે.)

---

બારડોલીના અને નવયુગના માજી તંત્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રીના દુઃખદ અવસાનના સમાર મળ્યા. સમાજના એક સીધા વ્યકિતના દુઃખદ અવસાન થી સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ દુઃખની લાગણી અનુભવે છે. તેઓની ખોટ સમાજના અને તેઓના કુટુંબીજનોને હંમેશા રહેશે.. પ્રભુ સદ્‌ગતના આત્માને સ્વર્ગમાં સ્થાન આપે એવી પ્રભુ પ્રાર્થના..

હેમંત સી. મિસ્ત્રી
પ્રમુખ-સુરત પંચોલી જ્ઞાતિ સમસ્ત પંચ તથા
કારોબારી સભ્યો

---

બારડોલીના અને નવયુગના માજી તંત્રી ભગવાનદાસ મકનજી મિસ્ત્રીના દુઃખદ અવસાનના સમાચાર નવયુગ દ્વારા મળ્યા. પરમાત્મા એમના આત્માને ચિરઃશાંતિ અર્પે..

વડોદરાના મહામંડળના ૨૦૦૨ના અધિવેશન પ્રસંગે બારડોલી એમના ઘરનું આતિથ્ય માણેલું. અંકલેશ્વર ખાતે યોજાયેલ પંચોલી ખેલ મહાકુંભમાં એમની સાથે મળવાની જુના સંસ્મરણો વાગોળવાની તક મળી. આજે સદેહે મુ.શ્રી નથી ત્યારે ફકત તેમની યાદો આવે છે...

સાદો પહેરવેશ, ખાદીધારી, સદાય હસતો ચહેરો, મિતભાષી અને બીનજરૂરી વિવાદોથી દૂર રહેવું એ ભગવાનદાસની ઓળખ હતી. સ્વતંત્ર સંગ્રામની ચળવળમાં ભાગ લઇને સ્વાતંત્ર્ય સૈનાની બનીને સમાજનું અને પરિવારનું ગૌરવરૂપ બન્યા.... જન્મ મરણ ઇશ્વરને આધિન હોય છે એમ માની દુઃખ સહન કરવું પડે છે.. પંચોલી સેવા સમાજ ટ્રસ્ટ વડોદરા તથા પંચોલી સમાજ વડોદરા દુઃખની લાણણી અનુભવે છે.

રમેશભાઇ એન. પંચોલી-શ્રી પંચોલી સેવા સમાજ-શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળના માજીપ્રમુખ

# અજોડ વ્યકિતત્વ

ભગવાનદાસ સાથે મારો, મહામંડળની શરૂઆતથી જ સંબંધ જોડાયેલો. જે આજ પર્યંત ચાલુ રહ્યો હતો.. શુદ્ધ ખાદીધારી કફની, પાયજામો અને ચંપલ એજ એમનો હરહંમેશનો પહેરવેશ. હસમુખો સ્વભાવ. મળતાવડાં, મિટિંગમાં મળે ત્યારે બધા સાથે હસીને વાતો કરે..

સ્વાતંત્ર્ય સૈનાની, છતાં કોઇ અભિમાન નહીં. સમાજના હિતનું હંમેશા ચિંતન કરતાં રહેતા. મારી, તારી કોઇ બીનજરૂરી વાતો નહીં.

પંચોલી નવયુગના તંત્રી તરીકે મે પાંચ વર્ષ પુરાં કર્યા પછી તેમને પંચોલી નવયુગની તંત્રી તરીકેની જવાબદારી બેખૂબી નિભાવી. પંચોલી નવયુગને પગભર કરવામાં ઘણી જહેમત ઉઠાવી. બારડોલીમાં ફકત ચાર પાંચ ઘર હોવા છતાં મહામંડળનું અધિવેશન બોલાવી સફળ રીતે પાર પાડી તેમની કાર્યદક્ષતા પૂરવાર કરી..

ડો. મહેશભાઇ મિસ્ત્રી મહામંડળના પ્રમુખ થતાં તેમની સાથે કામગીરીમાં જોડાવાનું થતું તે દરમ્યાન ભગવાનદાસનો પરીચય ખૂબ ગાઢો થયેલો અને અવારનવાર મળવાના પ્રસંગો વધતાં ગયા..

મહામંડળના કાર્યનિષ્ઠ કાર્યકર ગુમાવી સાચે જ આપણે એક સાચા દિલની વ્યકિતને ગુમાવ્યો છે.. પ્રભુ એમના આત્માને ચિરઃશાંતિ અર્પે

પ્રશાંત ગાંધી - વ્યારા

# છેલ્લી મુલાકાત

ભગવાનદાસ એટલે ભગવાનના દાસ... ભગવાનના માણસ.. જ્યારે જોઇએ ત્યારે હસતો ચહેરો... સ્મરણ માત્રથી એજ ચહેરો... એજ હાસ્ય.. એજ સાદગી અને વામનમાંથી વિરાટ વ્યકિતત્વ આંખો સામે ઉપસી આવે....

પ્રશાંતભાઇ પાસેથી પાંચ વર્ષના નાનકડા બાળક સમુ નવયુગ લઇને ૧૧ વર્ષના બાળક બનાવવામાં એમની મહેનત, નવયુગ પ્રત્યેની લગન એમના કાર્યકાળ દરમ્યાન પ્રસિદ્ધ થયેલા નવયુગો જોતા ખબર પડે....જેવી રીતે નાનકડું બાળકને ઉછેરવામાં ખુબ મહેનત પડતી હોય છે.. અને તે પણ આર્થિક કટોકટી વેઠીને....

મારા ભાઇના શ્વસુર હોવાને નાતે વર્ષ દરમ્યાન વારંવાર મળવાનું થતું. નવયુગ વિશેની વાતો એમના મુખે સાંભળવા મળતી... સુરત નવયુગ છપાવવા જવાનું.. પ્રુફ કરવા જવાનું અને સમયસર છાપીને ના આપે ત્યારબાદ કરવી પડતી દોડધામો.. અને આર્થિક મુશ્કેલીની વાત જ શી કરવી... છતાં એમણે એમની કાર્યદક્ષતાથી નવયુગની સુંદર માવજત કરી નવયુગના સાચા બાગબાન સાબિત થયા..

મહામંડળની સામાન્ય સભામાં કાયમ હાજરી આપતા.. અને નાદુરસ્ત તબીયત હોવા છતા પણ હાજરી આપતાં. ડો. મહેશભાઇ સામેથી ના કહેતા કે 'પપ્પા ના આવશો તો ચાલશે.. પરંતુ એમનું મન માનતું નહીં... હાજરી અવશ્ય આપતાં જ..એજ સમાજ પ્રત્યેની એમની ઉમદા ભાવનાના દર્શન કરાવે છે..

અંકલેશ્વર વર્ષમાં ઘણી વાર આવતાં. દીકરીનું ઘર એટલે અંકલેશ્વર એકમ સાથેની પણ આત્મીયતા.. અંકલેશ્વરના દરેક પોગ્રામમાં એમની હાજરી, પ્રવાસમાં એમની હાજરી...અવશ્ય હોય જ. રમુજી સ્વભાવ..અને કોઇક કોઇક વાર કવિત્વની કમાલ પણ એમની કલમો કરી પાડતી.. નવયુગને પણ એમના કલમની કરામતના કાવ્યોનો લાભ મળ્યો છે...

તા. ૧૬મી જુને ભાઇને ત્યાં એમની સાથે મુલાકાત થઇ. જમ્યા પછી સાથે હિંચકા પર બેઠા એમની આંખના મોતિયાનું ઓપરેશન કરાવ્યું હોવાથી ખબરઅંતર પૂછયા...'ઓપરેશન થઇ ગયું હવે ચશ્મા કઢાવવાના છે, કોણ જાણે હવે કેટલું જોવાનું મળશે ?' મને પૂછે તારી તબિયત કેમ છે ? હવે સારું છેને....? મે કહ્યું કે કાળની નોટીસો આવવી શરૂ થઇ ગઇ છે.. ત્યારે તેઓ કહે... ૯૧ તો થયા હવે કોણ જાણે બીજા કેટલા કાઢવા પડશે.. ? પરંતુ ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે.... અને ૨૦મીના બપોરે ખબર આવ્યા ભગવાનદાસ ગુજરી ગયા.... કયાં ખબર હતી કે એમની સાથેની આ છેલ્લી મુલાકાત હશે ?????

યાદો સદા મનમાં ચહેકતી રહેશે.....

દિનેશ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
નવયુગ તંત્રી

# સ્વજનને સ્મરણાંજલી

'જાને વાલે કભી નહીં આતે, જાને વાલે કી યાદ આતી હૈ' સફેદ ખાદીની કફની પાયજામો અને બગલથેલો અને ત્યારબાદ પાકીટ સાથે સમાજના દરેક પોગ્રામમાં અવશ્ય હાજર રહેતું વ્યકિતત્વ એટલે ભગવાનદાસ મકનજી મિસ્ત્રી

બારડોલી શબ્દ બોલાય એટલે તરત જ સૌની નજર સમક્ષ ભગવાનદાસનો ચહેરો તરવરે. ૫-૬ ઘરનું એકમ છતાં બે વખત ભવ્ય અધિવેશનનું આયોજન કરવાની હિંમત ભગવાનદાસ જેવું વ્યકિતત્વ જ કરી શકે. નિયમિતતા, સાદગી, દેશપ્રેમ અને અન્ય માટે કંઇક કરી છુટવાની નેમ એમના લોહીમાં વણાયેલી હતી.

પંચોલી સેવા સમાજ મુંબઇની સ્થાપનામાં પાયાના કાર્યકર રહ્યાં બારડોલી આવ્યા બાદ પણ સમાજસેવાની ધગશ જળવાય રહી. નવયુગનું તંત્રીપદ સંભાળી સુંદર સંચાલન કર્યું. લગભગ અત્યાર સુધી યોજાયેલા બધાજ અધિવેશનમાં હાજર રહ્યાં છેલ્લા બે-ત્રણ વર્ષ સિવાય દરેક સામાન્ય સભામાં હાજર રહેવાનો રેકોર્ડ ધરાવે છે. બારડોલી સમાજને એક તાંતણે બાંધી રાખ્યો. નવયુગની જાહેરાત એકત્ર કરવાનું કામ અંતિમ સમય સુધી સંભાળ્યું..

હું પંચોલી સેવા સમાજ મહામંડળના પ્રમુખસ્થાને ૧૧ વર્ષ રહ્યો તે દરમ્યાન વારંવાર એમના અનુભવનું માર્ગદર્શન મળતું રહેતું..

વાંચન સંગીતના શોખીન હતા. જુના ગીતોની કેસેટ ભેગી કરી સાંભળતા. મોબાઇલમાં જુના ગીતોનો સંગ્રહ કરી કાયમ સાંભળતા રહેતા.. હંમેશા હસવાની અને હસાવવાની કળા એમનામાં ગજબની હતી. વડીલો, યુવાનો તથા બાળકો સાથે ઓતપ્રોત થઇ તેમનો પ્રેમ હસ્તગત કરવાની અજબની કળા હતી. સ્વાતંત્ર્ય સેનાનીના સંગઠનના મંત્રી તરીકેની સેવા પણ બજાવી. નિયમિત પેન્સન મળે એ માટે સદા પ્રયત્નશીલ રહેતા. અશકત અને ઉંમરલાયક સ્વાતંત્ર્યસેનાની ના રેલ્વેપાસ રીન્યુ કરાવવાની જવાબદારી પણ ઉપાડતા. ૯૨ વર્ષની જૈફ ઉંમર દરમ્યાન હોસ્પિટલમાં એક પણ દિવસ દાખલ થયા નથી. તે તેમની તંદુરસ્ત જીવનશૈલીનું પ્રમાણ છે.. આજે પંચોલી સમાજને ભારતની સ્વતંત્રતાના સેનાની ભગવાનદાસની ખોટ હરહંમેશ સાલશે...

ડો. મહેશભાઇ એમ. મિસ્ત્રી-અંકલેશ્વર
શ્રી પંચોલી સેવા સમાજ મહામંડળ માજી પ્રમુખ

જીવનમાં બધું જ ફરી મળશે પણ મા-બાપ મળશે નહી. એવા વ્હાલા પપ્પાને પ્યારભરી હૃદયાંજલી

૧૯૫૬માં મુંબઇ છોડી બારડોલીને કર્મભૂમી બનાવી. સ્વરાજ આશ્રમ-બારડોલીમાં ખજાનચી તરીકેની નોકરી સ્વીકારી. નવેમ્બર-૧૯૫૬માં મારો જન્મ થતાં નામ મીરા પાડયું.

સ્વરાજ આશ્રમમાં ૫.૩૦ કલાકે અને રાત્રે ૮ કલાકે સમૂહ પ્રાર્થના થાય, પપ્પાને ભજન ખૂબ પ્રિય. ભજન અને ધૂન પણ ગવડાવે.. પ્રાર્થનામાં સવારે પપ્પા એકલા જતાં. પ્રાર્થના બાદ ચાલવા જવું, કસરત કરવી એ એમનો રોજનો નિયમ. ગાંધી જયંતિના દિવસે ઘરના બધા સાથે જઇ રેંટીયો લઇ કાંતવા જવાનું. ખાદી નાનપણથી પહેરતા. અમને પણ ખાદી જ પહેરાવતા. સમાજના કે કોઇપણ સગુવ્હાલુ આવે તો સાથે ફરીને આશ્રમ બતાવતા. અમો ત્રણેય ભાઇ બહેનને ગ્રેજ્યુએટ બનાવ્યા.

૧૯૬૭ થી ૭૩ સુધી નવયુગનું તંત્રીપદ સંભાળ્યું. નવયુગને વધુને વધુ પ્રિય બનાવવા પ્રયત્નો કરતાં, સમાજમાંથી સમાચાર આવે એટલે તેને ક્રમસર ગોઠવવા, બે ત્રણવાર પ્રુફ રીડીંગ કરવાનું, બારડોલીમાં પ્રેસ ન હોવાથી સુરત છાપકામ થતું નવયુગ છપાય જાય એટલે રાત્રે ઘરના બધા જ સેવામાં લાગી જાય. એડ્રેસ, ટીકીટ લગાડવી, ગામ વાઇઝ જુદા પાડવા વિગેરે.. સર્વેને નવયુગ મળી જાય એવા પ્રયત્નો કરતાં.

વખત જતાં સ્વરાજ આશ્રમની નોકરી અને આશ્રમ છોડી જનતાનગર સો.માં રહેવા આવ્યા અને સુરૂચી છાપશાળામાં ખજાનચી તરીકેની નોકરી સ્વીકારી હિસાબ કિતાબના સ્વચ્છ વહીવટથી સૌના ખૂબ જ પ્રસંશનીય બન્યા.

અમે ત્રણેય ભાઇ-બહેનને સમજાવતા કે જીવનમાં વાંચન, સમાજસેવા, સારા કાર્યો અને સારી મિત્રતા અને સાદગી અપનાવશો તો જીવન સરળતાથી જીવી શકાશે.. અને પપ્પા પણ એવી રીતે જ નિયમિત જીવન જીવ્યા.

એમનું જીવન સમાજસેવામાંજ વ્યતિત થયું. બારડોલી એકમ અને જ્ઞાતિજનોને સક્રિય કર્યા. ઓછા ઘરો હોવા છતા બે સફળ અધિવેશનો કર્યા. બચત યોજના પણ સારી રીતે ચલાવતા દર મહિને પૈસા ઉઘરાવતા અને જેના પૈસા ન આવે તો પોતાના ઉમેરીને ભરી દેતા. નવયુગના તંત્રી રહ્યા હોય નવયુગની જાહેરાત નિયમિત આજ પર્યંત સુધી મેળવીને મોકલતા.

અનેક સેવાકિય સંસ્થામાં સક્રિય ફાળો આપતા હતા. જનતાનગર સોસાયટીના હિસાબો રાખવા. પાડેસરા સ્કૂલના

ટ્રસ્ટી તરીકે, સ્વાતંત્ર્ય સૈનિકોના મંડળમાં મંત્રી તરીકે વિવિધ સેવાઓ કરતાં અને કોઇને મદદરૂપ કેમ થવું એ એમનો જીવનમંત્ર હતો.

છેલ્લે તા. ૧૩.૬.૧૪ના રોજ મારે ઘરે અંકલેશ્વર આવ્યા. બધાને મળીને ખૂબ આનંદ કર્યો. ૧૫મીએ ફાધર્સ ડે હોવાથી પપ્પાને પેન ગીફ્ટ કરી. સાંજે જી.એન.એફ.સી. ફરવા ગયા. હોટલમાં જમવા પણ ગયા. આમ પપ્પા સાથેનો આ પહેલો અને છેલ્લો ફાધર્સ ડે ઉજવ્યો.

૧૬મી એ રાત્રે અનુરાધાબહેન અને દિનેશભાઇના ફેમીલી સાથે મળી જમવાનો પોગ્રામ કર્યો જમ્યા, આનંદ કર્યો અને પછી એક કલાક સત્સંગ પણ કર્યો. સૌને મળ્યાનો એમને ખૂબ આનંદ થયો. બીજે દિવસે સવારે હિચકા પર બેસીને ખૂબ વાતો કરી...

૨૦મી એ સવારે શ્વાસની થોડી તકલીફ થતાં ટ્રીટમેન્ટ આપી અને સારું છેનો મેસેજ પણ આવ્યો.. ૧૧ વાગ્યે પપ્પા સાથે ફોન પર વાત પણ કરી અને છેલ્લે કહ્યું કે મને મળવા જરૂરથી આવજે... અને ૩.૧૫ કલાકે સૌને છોડીને પ્રભુશરણમાં પહોંચી ગયા.

કાયમ મને 'દિકરા' કરીને બોલાવતા... એ દિકરા શબ્દમાં જે વ્હાલ અને મીઠાસ હતી તે હવે ક્યારેય સાંભળવા ન મળે... ફક્ત એમના મીઠા સંસ્મરણોની યાદો અમારા સૌના હૃદયમાં રમતી રહેશે....ભગવાન સ્વામિનારાયણ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

મીરા મહેશભાઇ મિસ્ત્રી
મહિલામંડળ અંકલેશ્વર -માજી પ્રમુખ

---

પિતાશ્રી ભગવાનદાસ મિસ્ત્રીનો જન્મ ધનોરી તા. ગણદેવી મુકામે થયેલો. મુંબઇની શાળામાં અભ્યાસ અંગ્રેજી વાંચી, લખી અને બોલી શકતાં. મુંબઇમાં અંગ્રેજી દવાની દુકાનમાં સર્વિસ કરતાં ત્યારબાદ આઝાદીની લડતમાં ભાગ લઇ નવસારી, સુરતમાં જેલવાસ ભોગવ્યો. અંગ્રેજોની આકરી સજાઓ પણ ભોગવી. નાનપણમાં જ પિતૃછાયા ગુમાવી, સ્વાતંત્ર્ય સેનાની બેન લક્ષ્મીબેને પણ વખત જતા સાથ છોડ્યો.

ઘરના સભ્યોને પણ આશ્રમમાં સેવાકિય પ્રવૃત્તિઓમાં, ખાદી પહેરાવતા, સાદુ, સરળ, નિખાલસ તથા નિર્પેક્ષ જીવન જીવવાની રીતો ગળથૂથીમાંથી જ અમોને શીખવી હતી.. મીરાબાઇના ભજનો ખૂબ ગમતાં. સ્વ. ગાંધીજીના આધ્યાત્મ ગુરૂ રાજચંદ્રના પુસ્તકોનું વાંચન, ધાર્મિક પુસ્તકોનું વાંચન એમની રૂચી હતી.

આશ્રમના ટુકા પગાર હોવા છતાં કરકસર કરી યોગેશને સરકારી તબીબી મહાવિદ્યાલયમાં લેબોરેટરી ટેકનીશ્યનની ડીગ્રી અપાવી. મીરા અને હરીશને ગ્રેજ્યુએટ સુધી ભણાવી બાળકોને ઉચ્ચ શિક્ષણ અપાવ્યું.

મૃત્યુનો સંકેત અનાશકત આવી જ જતો હોય છે. તેથી પુત્ર હરીશ ડોકટરને લેવા ગયો ત્યારે પૌત્રી રાધિકાને કહે 'આજે મારા રામ રમી જવાના' અને ત્રણ-ચાર મિનિટમાં જ રામશરણ થઇ ગયા....'મૃત્ય મરી ગયુ રે લોલ'

યોગેશ-નિતા-પ્રિયા-અંકિતકુમાર, હરીશ-દક્ષા-નીલ-રાધિકા

---

ભગવાનદાદા એટલે નમ્ર વાણી, ખાદીના કપડાં અને સાદગીનો સમન્વય...એમની જોડેની મીઠી યાદોની સ્મૃતિ જણાવું છું..

૨૦૦૨માં મારે ડેન્ટલ અભ્યાસ અર્થે ધારવાડ જવાનું થયેલું રજા ઓછી હોવાથી તેમજ ૧૧૦૦ કિમી. જેટલું દૂર હોવાથી વારંવાર મળવાનું અશકય બનતું આથી ૮૦ વર્ષની ઉંમર હોવા છતા દોહિત્રને મળવા મમ્મી સાથે ધારવાડ આવ્યા. કેમ્પસ મોટુ હોવા છતાં બધુ જ નિરીક્ષણ જાતે ચાલીને કર્યુ. કોલેજના પ્રોફેસરોને પણ મળ્યા અને એમની સાથેની એમની ઇંગ્લીસની વાફ્છટા જોઇ સૌ દંગ રહી ગયા. સાંજે ૧૪ જેટલા ગુજરાતી મિત્રો સાથે ધારવાડમાં હોટલમાં જમવા ગયા ત્યાં એમના સાનિધ્યમાં સૌએ ઘર જેવી હૂંફ અનુભવી.

ફોન કરવા કેમ્પસથી દૂર જવું પડતું હોય એમણે જિંદગીનો પ્રથમ મોબાઇલ એમની બચતમાંથી મને લઇ આપ્યો હતો...એ સ્મરણ... એ યાદો અમારા જીવનમાં સદાએ મહેંકી રહેશે....

ડો. વિસ્મય મહેશભાઇ મિસ્ત્રી
તબીબી સેવા સંકુલ-અધ્યક્ષ

---

જિંદગી મળવી નસીબની વાત છે, મોત મળવું એ સમયની વાત છે, મૃત્યુ પછી જીવતા રહેવું એ કરેલા કર્મોની વાત છે...

સમાજસેવા અને જ્ઞાતિપ્રેમ એ બે પાંખો વડે ભગવાનદાદા અમારા હૃદય આકાશમાં ઉડ્યા કરે છે... નિયમિતતા, કસરત, યોગા, જમ્યા પછી ૨૦૦ ડગલા ચાલવું એ એમની એક પાંખ અને સમાજ સેવા, પંચોલી સમાજ, જનતાનગર સો. કે સ્વાતંત્ર સેનાનીના કોઇ પણ કાર્યો કરવા એ એમની બીજી પાંખ... બેટરીના ખૂબ શોખીન રાત્રે સાથે ગયા હોય જરાક અંધારૂ લાગે તરત ખીસ્સામાંથી બેટરી કાઢે અને એપણ દર વખતે જુદી જ હોય... ઉપરોકત ગુણો અમારી જિંદગીમાં આવે એવી પ્રભુપ્રાર્થના

ખૂશ્બુ વિસ્મય મિસ્ત્રી- નીપા મૌલિક મિસ્ત્રી-અંકલેશ્વર

# પુષ્પાંજલી

